અપીલ અરજી નં.૪૦૭ તા.૨૦–૩–૦૯

અરજદારઃ શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગત
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગતની તા.૫–૨–૦૯ ની અરજીથી સુ.મ.પા.એ તા.૧૭–૧૧–૦૭ ના રોજ ગુજરાત માહિતી આયોગને જવાબ આપેલો કે ડીમાન્ડ રજીસ્ટર મુજબ ૧૯૯૮ માં ફરિયાદીન લેણું શુન્ય બતાવવામાં આવેલું છે. પત્ર તા.૩૧–૧–૦૯ આ. નં.૭૨૫૬ માં સને ૧૯૯૬–૯૭, ૧૯૯૭–૯૮ , ૧૯૯૮–૯૯માં લેણા શુન્ય બતાવવામાં આવેલા નથી જે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૦૭ /૨૦૦૮–૦૯

શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગતની તા.૫–૨–૦૯ ની અરજીથી સુ.મ.પા.એ તા.૧૭–૧૧–૦૭ ના રોજ ગુજરાત માહિતી આયોગને જવાબ આપેલો કે ડીમાન્ડ રજીસ્ટર મુજબ ૧૯૯૮ માં ફરિયાદીનું લેણું શુન્ય બતાવવામાં આવેલું છે. પત્ર તા.૩૧–૧–૦૯ આ. નં.૭૨૫૬ માં સને ૧૯૯૬–૯૭, ૧૯૯૭–૯૮, ૧૯૯૮–૯૯માં લેણા શુન્ય બતાવવામાં આવેલા નથી જે માહિતી આપવા બાબતે આપેલ વિગત અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૫ તા.૩૦–૩–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી તા.૧૩–૪–૦૯ થી અત્રેની કચેરીને પુરક માહિતી પુરી પાડવામાં આવેલ.

અરજદારની મુળ અરજીમાં સુ.મ.પા.એ તા.૧૭–૧૧–૦૭ ના રોજ ગુજરાત માહિતી આયોગને જવાબ આપેલો કે ડીમાન્ડ રજીસ્ટર મુજબ ૧૯૯૮ માં ફરિયાદીન લેણું શુન્ય બતાવવામાં આવેલું છે. પત્ર તા.૩૧–૧–૦૯ આ. નં.૭૨૫૬ માં સને ૧૯૯૬–૯૭, ૧૯૯૭–૯૮, ૧૯૯૮–૯૯માં લેણા શુન્ય બતાવવામાં આવેલા નથી જે માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં.૮૫૪૫ તાર૧–૨–૦૯ થી માહિતી આપવામાં આવેલ છે. તેમાં જણાવ્યા મુજબ સને ૧૯૯૭–૯૮ માં ડીમાન્ડ શુન્ય બતાવવામાં આવેલ નથી. તેમજ ૧૯૯૮–૯૯ નાં વર્ષમાં ડીમાન્ડ બતાવવામાં આવ્યુ નથી. જયારે ડીમાન્ડ બતાવવામાં આવેલ ન હોય ત્યારે પાર્ટી પાસે કોઈ ડીમાન્ડ બાકી રહેતું નથી, તેવું ફલિત થાય છે. અને આ અગાઉ પણ તા.૧૮–૭–૦૬ નાં અરજી અનુસંધાને જવાબ આપવામાં આવેલ છે. જેમાં તા.૧૮–૪–૦૭ ની નોટીસ રદ કરવામાં આવેલ છે. અને વધુમા કોઈ નાણાં અરજદારે ભરવાના રહેતા નથી. વધુમાં તા. ૯–૪–૦૯ પત્રથી પણ વિગત પુરી પાડવામાં આવેલ છે.આમ અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ જણાય છે. અરજદારે અપીલ અરજીમાં આપેલ માહિતી અંગ્રેજી ભાષામાં છે અમો અંગ્રેજી જાણતા નથી એમ જણાવેલ.

અરજદારે તેમની અપીલ કે મુળ અરજી સાથે તા.૩૧–૧–૦૯ ના પત્રની કોઈ નકલો રજુ કરેલ નથી જયારે અરજદારે નામદાર આયોગના હુકમની નકલનું અધુરૂં પાનું રજુ કરેલ છે. નામદાર આયોગે હુકમમાં નિર્દિષ્ટ વિગતો આયોગે ચલાવીને આખરી નિકાલ કરેલ વિગતની હોય જે યથાર્થ હોવાનું આધારભુત જણાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૫–૨–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ અને અરજદારને માહિતી મળી ગયેલ હોઈ માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,ઉધનાઝોન.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રીજયંતીલાલ ડાહયાભાઈ ભગત